અનુદાન માટેની માગણીના સંબંધમાં રીત
(નિયમ-૨૨૬)

સચિવ : સમૂહ વિકાસને લગતી સેવા અંગેની પંચાયત, ગ્રામ ગૃહનિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગની માગણી ક્રમાંક: ૭૦

માનનીય મુખ્યમંત્રીશ્રી,

મંત્રી : માનનીય અધ્યક્ષશ્રી, હું સમૂહ વિકાસને લગતી સેવા અંગેની પંચાયત, ગ્રામ ગૃહનિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગની મહેસૂલ ખર્ચ માટે રૂા.૪૯,૮૧,૬૮,૦૦,૦૦૦ની અને મૂડી ખર્ચ માટે રૂા.૧,૮૬,૫૦,૦૦,૦૦૦ની માગણી ક્રમાંક: ૭૦ રજૂ કરૂં છું.

અધ્યક્ષ : માગણી રજૂ થાય છે.

અધ્યક્ષ : જે માનનીય સભ્યશ્રીઓ આ માગણી પર પોતાની કાપ દરખાસ્તો રજૂ કરવા માગતા હોય તેઓ એક પછી એક રજૂ કરે.

સભ્ય : માનનીય અધ્યક્ષશ્રી, હું કાપ દરખાસ્ત રજૂ કરૂ છુ. **(૧ થી ૧૨)**

અધ્યક્ષ : કાપ દરખાસ્ત રજૂ થાય છે.

સચિવ : ગ્રામ ગૃહનિર્માણ અને ગ્રામવિકાસને લગતી સેવા અંગેની પંચાયત, ગ્રામ ગૃહનિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગની માગણી ક્રમાંક: ૭૧

માનનીય ગ્રામ ગૃહનિર્માણ અને ગ્રામ વિકાસ મંત્રીશ્રી,

મંત્રી : માનનીય અધ્યક્ષશ્રી, હું ગ્રામ ગૃહનિર્માણ અને ગ્રામવિકાસ ને લગતી સેવા અંગેની પંચાયત, ગ્રામ ગૃહનિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગની મહેસૂલ ખર્ચ માટે રૂા.૩૩,૮૩,૫૭,૦૦,૦૦૦ની અને મૂડી ખર્ચ માટે રૂા.૭૦,૦૦,૦૦૦ની માગણી ક્રમાંક: ૭૧ રજૂ કરૂં છું.

અધ્યક્ષ : માગણી રજૂ થાય છે.

અધ્યક્ષ : જે માનનીય સભ્યશ્રીઓ આ માગણી પર પોતાની કાપ દરખાસ્તો રજૂ કરવા માગતા હોય તેઓ એક પછી એક રજૂ કરે.

સભ્ય : માનનીય અધ્યક્ષશ્રી, હું કાપ દરખાસ્ત રજૂ કરૂ છુ. **(૧૩ થી ૧૮)**

અધ્યક્ષ : કાપ દરખાસ્ત રજૂ થાય છે.

સચિવ : વિજ્ઞાન અને પ્રૌદ્યોગિકી વિભાગને લગતી સેવા અંગેની વિજ્ઞાન અને પ્રૌદ્યોગિકી વિભાગની માગણી ક્રમાંક: ૮૯

માનનીય મુખ્યમંત્રીશ્રી,

મંત્રી : માનનીય અધ્યક્ષશ્રી, હું વિજ્ઞાન અને પ્રૌદ્યોગિકી વિભાગને લગતી સેવા અંગેની વિજ્ઞાન અને પ્રૌદ્યોગિકી વિભાગની મહેસૂલ ખર્ચ માટે રૂા.૧,૪૯,૦૭,૦૦,૦૦૦ની માગણી ક્રમાંક: ૮૯ રજૂ કરૂં છું.

અધ્યક્ષ : માગણી રજૂ થાય છે.

અધ્યક્ષ : જે માનનીય સભ્યશ્રીઓ આ માગણી પર પોતાની કાપ દરખાસ્તો રજૂ કરવા માગતા હોય તેઓ એક પછી એક રજૂ કરે.

સભ્ય : માનનીય અધ્યક્ષશ્રી, હું કાપ દરખાસ્ત રજૂ કરૂ છુ. (૧૯ થી ૨૬)

અધ્યક્ષ : કાપ દરખાસ્ત રજૂ થાય છે.

ત્યાર બાદ સભ્યશ્રીઓના વકતવ્યો

બંને પક્ષના દંડક તરફથી મળેલ યાદી મુજબ

સભ્ય : કોંગ્રેસ ..........................................

સભ્ય : ભાજપ ..........................................

સભ્ય : કોંગ્રેસ ..........................................

સભ્ય : ભાજપ ..........................................

મંત્રી : છેલ્લે મંત્રીશ્રી ચર્ચાનો જવાબ આપશે.

## અનુદાન માટેની માગણીઓ પર મતદાન સંબંધમાં રીત

અધ્યક્ષ : હવે હું પહેલા માગણીઓ પરની રજૂ થયેલ કાપ દરખાસ્તો મત માટે મૂકીશ. જેઓ તરફેણમાં હોય તેઓ "હા" કહે (થોડી વાર રહીને) જેઓ વિરૂધ્ધમાં હોય તેઓ "ના" કહે (થોડીવાર રહીને) મને લાગે છે કે "ના" કહેનારાની બહુમતી છે. (થોડીવાર રહીને) "ના" કહેનારાની બહુમતી છે. રજૂ થયેલ તમામ કાપ દરખાસ્તો નામંજૂર કરવામાં આવે છે.

અધ્યક્ષ : હવે હું માગણીઓ મત માટે મૂકીશ. પ્રશ્ન એ છે કે, માગણી ક્રમાંક: ૭૦, ૭૧, અને ૮૯ મંજૂર રાખવામાં આવે. જેઓ તરફેણમાં હોય તેઓ "હા" કહે (થોડી વાર રહીને) જેઓ વિરૂધ્ધમાં હોય તેઓ "ના" કહે. (થોડી વાર રહીને) મને લાગે છે કે "હા" કહેનારાની બહુમતી છે. (થોડી વાર રહીને) "હા" કહેનારાની બહુમતી છે. માગણીઓ મંજૂર કરવામાં આવે છે.

NEXT